


# કોને પરણું?

## અમેરિકન સિટીઝનને કે પછી ગ્રીનકાર્ડ ધારકને કે પછી નોન ઈમિગ્રન્ટ વિઝા ઉપર અમેરિકામાં જેઓ રહેતા હોય એને?

**અમેરિકા વિઝા ગાઈડ**

★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

અનેક યુવતીઓ અમેરિકામાં રહેતી વ્યક્તિઓ જોડે પરણવા ઈચ્છે છે. યુવકો પણ અમેરિકામાં રહતી યુવતીઓ જોડે પરણવા ઈચ્છે છે કારણ કે, લગ્ન કર્યા બાદ તેઓ અમેરિકા જઈ શકે એ લગ્નના આધારે, આથી અમેરિકન સિટીઝન યા ગ્રીન કાર્ડધારક કે પછી જુદાં જુદાં પ્રકારના નોન ઈમિગ્રેશન વિઝામાં રહેતા અમેરિકન લોકો જોડે ભારતીય યુવકો અને યુવતીઓ પરણવાની ઈચ્છા ધરાવે છે. પણ આમાં તેઓ કોને પરણે?

અમેરિકન સિટીઝનને પરણે કે પછી ગ્રીન કાર્ડધારકને પરણે કે પછી નોન ઈમિગ્રન્ટ વિઝા ઉપર અમેરિકામાં જેઓ રહેતા હોય એને પરણે? કારણ કે લગ્ન બાદ અમેરિકા જવું હોય તમે જેની જોડે લગ્ન કર્યા હોય એની સાથે અમેરિકામાં રહેતો એ વ્યક્તિ જેની જોડે લગ્ન કર્યાં હોય, જે અમેરિકામાં રહેતી હોય એનું અમેરિકામાં શું સ્ટેટ્સ છે એના ઉપર તમને અમેરિકા જવાના વિઝા ત્યાં કાયમ રહેવા માટેના કે પછી તમે જેની જોડે લગ્ન કર્યાં હોય, એ ત્યાં જેટલો સમય નોન ઈમિગ્રેન્ટ વિઝા ઉપર રહેતા હોય એટલો સમય રહેવા માટેના એ વિઝા કેટલા સમયમાં મળી શકે એ ખૂબ મહત્ત્વનું હોય છે.

તમે જો અમેરિકન સિટીઝન જોડે લગ્ન કરો તો એ અમેરિકન સિટીઝન તમારા લાભ માટે ઈમિજીએટ રિલેટેડ કેટેગરી હેઠળ ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કરી શકે છે. ઈમિગ્રન્ટ વિઝા મળે એટલે એ લઈને તમે અમેરિકામાં પ્રવેશો એટલે તમને ગ્રીન કાર્ડ આપવામાં આવે અને સિટીઝન જોડે લગ્ન કર્યાં હોય તો મોટાભાગે તમને ગ્રીન કાર્ડ બે વર્ષની મુદ્દતનો આપે છે. બે વર્ષ પછી પતિ-પત્નીએ બેઉએ સંયુક્ત અરજી કરીને દેખાડી આપવાનું રહે છે કે એમના લગ્ન સાચા છે અને હજુ ચાલુ છે. છૂટાછેડામાં પરિણમ્યા નથી એટલે પછી એમનું ગ્રીનકાર્ડ કાયમનું કરી આપવામાં આવે છે અને ઈમિગ્રન્ટ વિઝા મળ્યાને ગ્રીનકાર્ડ મળ્યાને ત્રણ વર્ષ થાય ત્યારબાદ એ પરદેશી અમેરિકન સિટીઝન બનવાની નેશનલાઈઝેશન દ્વારા અરજી કરી શકે છે.

આમ અમેરિકન સિટીઝન જોડે જો તમે લગ્ન કરો તો તમને એક-દોઢ વર્ષની અંદર ઈમિગ્રન્ટ વિઝા મળી શકે છે. હવે તમે જો ગ્રીન કાર્ડધારક જોડે લગ્ન કરો તો એ ગ્રીન કાર્ડધારક તમારા લાભ માટે ઈમિજીએટ રિલેટેડ કેટેગરી હેઠળ પિટિશન દાખલ નથી કરી શકતો. એ ગ્રીન કાર્ડધારક તમારા માટે ફેમિલી સેકન્ડ- પ્રેફરન્સ કેટેગરી હેઠળ ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કરી શકે છે. આ પ્રકારના પિટિશનો વાર્ષિક કોટાની સંખ્યાથી સંકળાયેલા હોય છે. એટલે પિટિશન દાખલ કરે એ એપ્રુવ થાય પણ જ્યાં સુધી તમારા લાભ માટે કોટા અવેલેબલ ન થાય ત્યાં સુધી તમારે વાટ (રાહ) જોવી પડે છે અને આ રાહ ભારતીયો માટે વધારે હોય છે કારણ કે ભારતમાંથી ઘણા લોકો અમેરિકામાં રહેતા લોકો જોડે ગ્રીન કાર્ડધારકો જોડે લગ્નગ્રંથિથી જોડાતા હોય છે. હાલમાં આવી રાહ જોવાનો સમય બેથી ત્રણ વર્ષનો છે. જો તમે અમેરિકન સિટીઝનને છેલ્લા બે વર્ષમાં એક વાર પણ તમે મળ્યા હો અને પછી તમે બેઉ લગ્ન કરવાનો વિચાર કરો અને એ અમેરિકન સિટીઝન કહે કે ના, ના લગ્ન તો મારે અમેરિકામાં જ કરવા છે એટલે તમે અહીં આવો અને લગ્ન આપણે અહીંયા કરીએ.

તો એ અમેરિકન સિટીઝન તમારા લાભ માટે જેથી તમે અમેરિકા જઈ શકો અને એની જોડે લગ્ન કરી શકો ફિયાન્સે વિઝા જેની સંગ્ના K-1 છે એનું પિટિશન દાખલ કરી શકે છે. ફિયાન્સે વિઝાનું પિટિશન દાખલ કરે તો એને પ્રોસેસ થઈને એપ્રુવ થતા અને એની હેઠળ વિઝા મળતા લગભગ વર્ષ-દોઢ વર્ષ લાગે છે. એટલે ફિયાન્સે વિઝા મેળવીને તમે અમેરિકામાં જાઓ પછી તમે ત્યાં લગ્ન કરો અને પછી એ વ્યક્તિ તમારા લાભ માટે ઈમિજીએટ રિલેટેડ કેટેગરી હેઠળ ગ્રીન કાર્ડનું પિટિશન દાખલ કરે ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કરે એને પ્રોસેસ થઈને એપ્રુવ થતા વર્ષ- દોઢ વર્ષ લાગે પછી તમને ઈમિગ્રન્ટ વિઝા મળે પણ તમારે તમે ગયા હો K-1 ફિયાન્સે વિઝા ઉપર જે નોન ઈમિગ્રન્ટ છે એટલે અરજી કરીને તમારે તમારું સ્ટેટ્સ એડ્જેસ્ટ કરાવું પડે. સ્ટેટ્સ ચેન્જ કરાવું પડે. નોન ઈમિગ્રન્ટમાંથી ઈમિગ્રન્ટ કરાવું પડે. આમ તમારે પહેલા K-1 વિઝાનું પિટિશન દાખલ કરવું પડે અમેરિકા જઈને લગ્ન કરવાના. તમારા લાભ માટે ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ થાય અને તમારે સ્ટેટ્સ એડજસ્ટ કરવાનું પિટિશન દાખલ કરવું પડે અને પછી તમને ઈમિગ્રન્ટ વિઝા મળે ગ્રીન કાર્ડ મળે. ગ્રીન કાર્ડધારકો એમને જેની જોડે લગ્ન કરવા હોય એમના માટે ફિયાન્સે વિઝાનું K-1 વિઝાનું પિટિશન દાખલ કરી નથી શકતા. હવે તમે સમજો કે અમેરિકામાં રહેતા કોઈ નોન ઈમિગ્રન્ટ વિઝા ધારક જોડે લગ્ન કરવા માગો, કોઈ અમેરિકામાં ભણતું હોય સ્ટુડન્ટ હોય F-1 વિઝા ઉપર હોય અને એની જોડે તમે લગ્ન કરવા ઈચ્છો તો તમે લગ્ન બાદ તુરંત જ ડિપેન્ડેડ F-2 વિઝાની અરજી કરી શકો છો. જો અમેરિકામાં કોઈ H-1 વિઝા ઉપર કામ કરતું હોય, નોકરી કરતું હોય તો એની જોડે લગ્ન કરો તો લગ્ન પછી તરત જ તમે H-4 ડિપેન્ડેડ વિઝાની અરજી કરી શકો છો.\ અમેરિકામાં કોઈ આંતર કંપની ટ્રાન્સફરી, મેનેજર, એક્ઝિક્યુટિવ કે ખાસ જાણકારીવાળી વ્યક્તિ તરીકે કામ કરતી હોય તમે


**અમેરિકન સિટીઝન જોડે જો તમે લગ્ન કરો તો તમને એક-દોઢ વર્ષની અંદર ઈમિગ્રન્ટ વિઝા મળી શકે છે. હવે તમે જો ગ્રીન કાર્ડધારક જોડે લગ્ન કરો તો એ તમારા લાભ માટે ઈમિજીએટ રિલેટેડ કેટેગરી હેઠળ પિટિશન દાખલ નથી કરી શકતો**

એની જોડે લગ્ન કરો તો લગ્ન બાદ તમે તમારા લાભ માટે ઈમિજીએટલી L-2 વિઝાની અરજી કરી શકો છો. આવા નોન ઈમિગ્રન્ટ વિઝા ધારકો જોડે લગ્ન કરતા તમારા લાભ માટે એ લોકોએ અમેરિકામાં પિટિશન દાખલ કરવાની જરૂર નથી રહેતી તમે અહીંયાથી વિઝા મેળવી શકો છો પણ તમારા વિઝા તમે જેની જોડે લગ્ન કર્યાં હોય એના ઉપર ડિપેન્ડેડ હોય છે. એટલે એમનો જો અમેરિકામાં રહેવાનો સમય પૂરો થાય કે કોઈ કારણસર તેમને અમેરિકા બહાર ચાલ્યા જવું પડે તો તમારે પણ એમની સાથે સાથે આવી જવું પડે કારણ કે તમે એમના ડિપેન્ડેડ છો. હવે આ અમેરિકન સિટીઝન જોડે લગ્ન કરો કે પછી ગ્રીન કાર્ડધારક જોડે લગ્ન કરો કે ફિયાન્સે વિઝા મેળવીને અમેરિકા જઈને લગ્ન કરો કે પછી નોન ઈમિગ્રન્ટ વિઝા ધારકો જોડે લગ્ન કરીને ડિપેન્ડેડ નોન ઈમિગ્રન્ટ વિઝા મળવો તો દરેકની લાયકાતો મેળવવાની લાયકાતો જુદી જુદી હોય છે. દરેકની પ્રક્રિયાઓ પણ જુદી જુદી હોય છે અને સમય પણ જુદો જુદો હોય છે. એટલે જે લોકો અમેરિકા જવા ઈચ્છતા હોય છે અને એ કારણસર અમેરિકનો જોડે લગ્ન કરવા ઈચ્છતા હોય છે એમના મનમાં હંમેશા એક સવાલ ઊભો થાય છે કે કોને પરણું? સિટીઝનને પરણું, K-1 વિઝા મેળવીને એ સિટીઝન જોડે અમેરિકા જઈને પરણું? કે અહીં ઈન્ડિયામાં જ પરણું કે પછી ગ્રીન કાર્ડધારક જોડે લગ્ન કરું કે પછી અમેરિકામાં નોન ઈમિગ્રન્ટ વિઝા લઈને રહેતા હોય એની જોડે લગ્ન કરું એટલે મને તરત જ ડિપેન્ડેડ વિઝા મળી જાય. તો દર્શક મિત્રો કોને પરણું? એ સવાલનો જવાબ તમારે તમારી જાતે જ આપવાનો છે અને એ પણ અમેરિકાના જુદાં જુદાં પ્રકારના વિઝાધારકો જોડે લગ્ન કરતા શું શું કરવું પડે? શેની શેની જરૂરિયાત પડે એ જાણીને પછી કરવાનું હોય છે. તો કોને પરણું? મારો તો એક જ જવાબ છે તમારી ગમતી વ્યક્તિને પરણો પછી એ સિટીઝન હોય કે ગ્રીન કાર્ડધારક હોય કે નોન ઈમિગ્રન્ટ વિઝા ઉપર હોય. લગ્ન સ્વર્ગમાં રચાય છે, વિઝા કોન્સિલેટ આપે છે પણ તમારે પસંદગી તો તમે જેની જોડે આખી જિંદગી ગાળવા માગતા હો એની જ કરવી જોઈએ.

---

## કાફ઼િલે ખ઼ુદ સંભલ સંભલ કે બઢે
## જબ કોઈ મીર-એ-કારવાં ન રહા

**- બાક઼ર મેહદી**



**કેફિયત**

★ હનીફ મહેરી

મુસાફરોનો કાફલો ખુદ સંભાળ રાખીને આગળ વધ્યો, જ્યારે કાફલામાં કોઈ સરદાર નહીં રહ્યો. કોઈ પણ સફર કરનારા યાત્રાળુઓને એક માર્ગદર્શકની જરૂર પડતી હોય છે. જ્યારે કોઈ માર્ગદર્શન નહીં હોય ત્યારે ખુદ યાત્રાળુઓ જ પોતાની સંભાળ રાખીને ધીમે ધીમે આગળ વધે છે. ક્યારેક આવા યાત્રાળુઓના સમૂહને ડરી ડરીને આગળ વધવું પડે છે. જ્યારે તમારો કોઈ નેતા કે સરદાર જે આખા કાફલાની રાહબરી કરતો હોય તે હોય તો યાત્રામાં ખાસ કોઈ રુકાવટ નડતી નથી. જ્યારે કાફલો કોઈ પણ રાહબર વગર આગળ વધતો હોય છે ત્યારે તેણે પોતાની દેખરેખ જાતે જ કરવાની હોય છે. તે પોતાની રીતે સંભાળ રાખીને આગળ વધે છે. કોઈ મોટી વણજાર ચાલતી હોય તો બધાને એક સાથે રાખી શકે તેવા એક સરદારની તેમને જરૂર હોય છે. જ્યાં સરદાર કે રાહબર હોતા નથી ત્યાં કાફલો કઈ દિશામાં આગળ વધશે તેનો નિર્ણય લેવામાં પણ મુશ્કેલી પડતી હોય છે. ઘણીવાર સંત કે ઉપદેશક પણ આવા સરદારની ભૂમિકામાં હોય છે. જ્યારે તમને કોઈ સાચી દિશા મળતી નહીં હોય ત્યારે આવા ઉપદેશક જે ધર્મના ઉપદેશક પણ હોય તે તમને સાચી દિશાનું જ્ઞાન આપતા હોય છે. જીવનમાં પણ ક્યારેક તમારા જીવનની દિશા નક્કી થતી નહીં હોય ત્યારે આવા એક માર્ગદર્શકની સાચી સમજણ તમારી નૈયાને પાર લગાડી આપે છે. આવા ઉપદેશક તમારા જીવનને સાર્થક કરવા કોઈ ઉપાય પણ આપી શકે છે. ઘણી વખત તમારા જીવનની દિશા નક્કી કરવા માટે તમે પોતે પણ પોતાના માર્ગદર્શક બની શકો છો. જ્યારે તમને કોઈ માર્ગદર્શક નહીં મળે ત્યારે તમારે પોતાના માર્ગદર્શક બનવું પડે છે. કોઈ પણ લોકોના પ્રવાસી સંઘને એક સૂત્રધારની જરૂર હોય છે. જો એ નહીં હોય તો જાત્રાળુઓએ પોતે જ પોતાના સંઘની દરકાર રાખવી પડે. જ્યારે મુસાફરોને કોઈ સરદાર નહીં મળે ત્યારે પોતે જ સંઘની સંભાળ લેવી પડે.